# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શાંતિ બિલ તથા જી રામ જી બિલને મંજૂરી આપી.

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું - સરકાર ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપવા માટે સતત કાર્યરત.

3) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અરુણાચલમાં ભાજપ અને મહારાષ્ટ્રમાં ભાજપ સહિતના પક્ષોના મહાયુતિ ગઠબંધનનો વિજય.

4) સરકારે અરવલ્લી પર્વતમાળા અને ઇકોલોજી પર કોઈ ખતરો નહીં હોવાની સ્પષ્ટતા કરી.

5) મહિલા ક્રિકેટમાં, પાંચ મેચની ટી20 શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## PREZ-SHANTI BILL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ટકાઉ પરમાણુ ઊર્જા ઉપયોગ અને વિકાસ, ભારત રૂપાંતર બિલ, 2025 – શાંતિ બિલને મંજૂરી આપી છે.

રાષ્ટ્રપતિએ ગઈકાલે સંસદના શિયાળુ સત્રમાં પસાર થયેલા આ બિલને સંમતિ આપી હતી. આ બિલ નાગરિક પરમાણુ ક્ષેત્રને લગતા તમામ કાયદાઓને એકીકૃત કરે છે અને તેમાં પરમાણુ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીની પણ જોગવાઈ છે.

આ બિલ પરમાણુ ઊર્જા અધિનિયમ, 1962 અને નાગરિક પરમાણુ નુકસાન જવાબદારી અધિનિયમ, 2010ને રદ કરે છે, જેને ભારતમાં નાગરિક પરમાણુ ક્ષેત્રના વિકાસમાં અવરોધ માનવામાં આવતા હતા.

આ કાયદો ખાનગી કંપનીઓ અને સંયુક્ત સાહસોને સરકારના લાઇસન્સ હેઠળ પરમાણુ ઊર્જા પ્લાન્ટ બનાવવા, માલિકી, સંચાલન કરવા સક્ષમ બનાવે છે.

## PREZ- G-RAM-G

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન-ગ્રામીણ વિકસિત ભારત-જી રામ જી બિલને પણ મંજૂરી આપી છે.

સંસદે તાજેતરમાં પૂર્ણ થયેલા શિયાળુ સત્રમાં આ કાયદો પસાર કર્યો હતો. આ કાયદાનો ઉદ્દેશ્ય 2047 સુધીમાં વિકસિત ભારતના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ ગ્રામીણ વિકાસ માળખું સ્થાપિત કરવાનો છે. તેમાં દરેક ગ્રામીણ પરિવારને વર્ષે 125 દિવસની વેતન રોજગારની કાયદેસર રીતે ખાતરી આપવામાં આવશે.

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ કાયદાને વિકાસ અને ગરીબોના કલ્યાણને ટેકો આપતુ ગણાવ્યું છે.

## BYTE: SHIVRAJ-G-RAM-G

## PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સરકાર ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપવા માટે દિવસ-રાત કામ કરી રહી છે.

પ્રધાનમંત્રી ગઈકાલે આસામના દિબ્રુગઢના નામરૂપમાં 10 હજાર 601 કરોડ રૂપિયાના એમોનિયા-યુરિયા ખાતર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યા બાદ આ મુજબ જણાવ્યું.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે, દેશના ખેડૂતો અને અન્ન દાતાઓ વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## BYTE: PM-FARMER-WELFARE-ASSAM

# ARUNACHAL-POLLS

અરુણાચલ પ્રદેશમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે પ્રચંડ વિજય મેળવ્યો છે. 15 ડિસેમ્બરે યોજાયેલી જિલ્લા પરિષદ અને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપે બહુમતી મેળવી છે

રાજ્ય ચૂંટણી પંચે ગઈકાલે રાત્રે ચૂંટણીના અંતિમ પરિણામો જાહેર કર્યા હતા. ભાજપે 245 જિલ્લા પરિષદની બેઠકોમાંથી 170 બેઠકો જીતી હતી. પીપીએ 28 બેઠકો સાથે બીજા ક્રમની સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે, જ્યારે કોંગ્રેસ સાત બેઠકો જીતવામાં સફળ રહી હતી.

ગ્રામ પંચાયત ચૂંટણીમાં ભાજપે આઠ હજાર 208 બેઠકોમાંથી છ હજાર 85 બેઠકો જીતી છે. PPAએ 648 બેઠકો, જ્યારે અપક્ષોએ 627 અને કોંગ્રેસે 216 ગ્રામ પંચાયત બેઠકો જીતી. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ 396, NPPએ 160, લોક જનશક્તિ પાર્ટીએ 27 અને આમ આદમી પાર્ટીએ એક બેઠક જીતી છે.

મુખ્યમંત્રી પેમા ખાંડુએ આ જીત માટે મતદારોનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પંચાયત ચૂંટણીમાં વિજય બદલ અરુણાચલ પ્રદેશના લોકોનો આભાર માન્યો છે.

# MAHA-CIVIC-ELECTION-RESULTS

મહારાષ્ટ્રમાં નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીમાં ભાજપ, શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-એનસીપીના મહાયુતિ ગઠબંધને પ્રચંડ વિજય મેળવ્યો છે. કુલ 288 નગર પરિષદ અને નગર પંચાયત માંથી, મહાયુતિએ 207

સ્થાનિક સંસ્થાના પ્રમુખ પદો જીત્યા છે, જ્યારે વિપક્ષી મહા વિકાસ આઘાડી 44 પર સમેટાઈ ગઈ છે.

આ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડા અને ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ નીતિન નવીને ભાજપ અને મહાયુતિની જીત બદલ રાજ્યના લોકોનો આભાર માન્યો હતો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ જીત લોકો-કેન્દ્રિત વિકાસના વિઝનમાં વિશ્વાસ દર્શાવે છે. તેમણે ભાજપ અને મહાયુતિના કાર્યકરોના પાયાના સ્તરે અથાક કાર્યની પ્રશંસા કરી અને કહ્યું કે સરકાર રાજ્યના દરેક નાગરિકની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# ARAVALLI PROTECTION CLARIFICATION

સરકારે અરવલ્લી પર્વતમાળા અને ઇકોલોજી પર કોઈ ખતરો નહીં હોવાની સ્પષ્ટતા કરી છે.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું કે ચાલુ વૃક્ષારોપણ, ઇકો-સેન્સિટિવ ઝોન સૂચનાઓ, ખાણકામ અને શહેરી પ્રવૃત્તિઓનું કડક નિરીક્ષણ ખાતરી કરે છે કે અરવલ્લી રાષ્ટ્ર માટે કુદરતી વારસો અને પર્યાવરણીય કવચ તરીકે સેવા આપતા રહેશે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના 100 મીટરના ચુકાદાનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. પત્રકારો સાથે વાત કરતા, શ્રી યાદવે નાગરિકોને અરવલ્લી પર્વતમાળા વિશે ગેરમાર્ગે દોરતી માહિતી ન ફેલાવવા વિનંતી કરી.

તેમણે જણાવ્યું હતું કે અરવલ્લી પર્વતમાળાનો કુલ વિસ્તાર 1 લાખ 47,000 ચોરસ કિલોમીટર છે, અને ફક્ત 0.19 ટકા વિસ્તારમાં ખાણકામની મંજૂરી છે. શ્રી યાદવે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ, અરવલ્લી પર્વતમાળાનો 90 ટકા ભાગ સંરક્ષિત વિસ્તારો હેઠળ આવે છે, અને કોઈ છૂટ આપવામાં આવી નથી.

સુપ્રીમ કોર્ટે વિગતવાર ટકાઉ ખાણકામ યોજના તૈયાર ન થાય ત્યાં સુધી નવી ખાણકામ લીઝ મુલતવી રાખવાનો આદેશ આપ્યો છે.

મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે સંરક્ષણ અને જવાબદાર વિકાસ વચ્ચે સંતુલન જાળવી રાખીને, અરવલ્લીને આજની અને ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત રાખવામાં આવશે.

# PAKISTAN--PROTEST

પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ (PTI) પાર્ટી દ્વારા સંભવિત વિરોધ પ્રદર્શનની અપેક્ષાએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પાકિસ્તાનના રાવલપિંડીમાં એક હજાર 300થી વધુ પોલીસ અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાને તેમના સમર્થકોને દેશવ્યાપી વિરોધ પ્રદર્શન માટે તૈયાર રહેવા હાકલ કરી હતી. તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ઇમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને 17 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. એક નિવેદનમાં, PTIએ જણાવ્યું કે તમામ પ્રાંતોમાં કાર્યકરોને સંકલિત વિરોધ પ્રદર્શનો પહેલાં એકત્ર થવાનું કહેવામાં આવ્યું છે

PTI નેતાઓએ પણ તેમના વડાને ટેકો જાહેર કર્યો અને ચુકાદા સામે કાર્યવાહી કરવાનો સંકલ્પ કર્યો છે

# WOMEN-S-T20-CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું છે. વિશાખાપટ્ટનમમાં રમાયેલી પાંચ મેચની ટી20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની આ પહેલી મેચમાં જીત સાથે, ભારતે શ્રેણીમાં 1-0 ની લીડ મેળવી લીધી છે.

ભારતે શ્રીલંકાના 122 રનના લક્ષ્યને ફક્ત 14 ઓવર અને 4 બોલમાં પ્રાપ્ત કરી લીધો. ભારત માટે જેમીમા રોડ્રિગ્સે 44 બોલમાં અણનમ 69 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી

આ પહેલા, ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 121 રન બનાવ્યા.

T20 શ્રેણીની આગામી મેચ 23 ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે અને અંતિમ ત્રણ મેચ તિરુવનંતપુરમમાં રમાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ રેલ ભાડાંમાં વધારાને પ્રથમ પાને સ્થાન આપ્યું છે, ઉપરાંત, રાષ્ટ્રપતિની વીબી –જી રામજીને મંજૂરીના સમાચારને પ્રથમ પાને છાપવામાં આવ્યા છે.
- સંદેશ લખે છે, રેલવે ભાડાંમાં વધારો –પ્રવાસીઓ પરનો બોજ વધશે.
- નવગુજરાત સમય નોંધે છે, રેલવેએ લાંબા અંતરની મુસાફરી માટેના ભાડાંમાં કિલોમીટર દીઠ 2 પૈસાનો વધારો કર્યો.
- ફૂલ છાબ લખે છે, યાત્રીગણ ધ્યાન આપે, રેલયાત્રા મોંઘી
- દિવ્ય ભાસ્કર લખે છે, 26 ડિસેમ્બરથી અમદાવાદથી દિલ્લી એસી ટ્રેનની મુસાફરી 19 રૂપિયા મોંઘી થશે.
- સ્થાનિક સમાચારમાં પોલીસને અપશબ્દો કહનારી યુવતી સામે વધુ એક ફરિયાદ દાખલ, તેમજ હરિયાણાની હત્યા કેસનો આરોપી કચ્છ માંથી ATS ના હાથે ઝડપાયો. આ સમાચારો પણ તમામ અખબારોમાં વાંચવા મળી રહ્યાં છે.